# પાંચ રાજ્યોમાં ચૂંટણીનો કાર્યક્રમ ટૂંકમાં જાહેર

નવી દિલ્હી,તા. ૧૭

રાજકીય વર્તુળોમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીનો કાર્યક્રમ આ મહિનામાં જાહેર કરવા માટે ચૂંટણી પંચે કમર કસી લીધી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ટુંક સમયમાં વિધીવત કાર્યક્રમની જાહેરાત કરવામાં આવશે. વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી પહેલા આ પાંચ રાજ્યોમાં યોજાનારી ચૂંટણીને સેમીફાઈનલ સમાન ગણવામાં આવે છે. સુત્રોએ કહ્યું છે કે કાર્યક્રમની જાહેરાત માટેનો તખ્તો તૈયાર થઈ ગયો છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તિસગઢ, દિલ્હી અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. પ્રાપ્ત અહેવાલ મુજબ કાર્યક્રમની ૨૭ અને ૨૯મી સપ્ટેમ્બર વચ્ચે જાહેરાત કરવામાં આવે તેવી વકી છે. પાંચ રાજ્યોમાં ચૂંટણી આશરે એક મહિના સુધી ચાલશે. નવેમ્બરના છેલ્લા સપ્તાહ સુધી સમગ્ર પ્રક્રિયાને પૂર્ણ કરવામાં આવે તેવી શક્યતા છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે મતગણતરીની પ્રક્રિયા ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં યોજાશે. લોકસભાની ચૂંટણી પહેલા આ પાંચ રાજ્યોની ચૂંટણી પર તમામ રાજકીય પાર્ટી અને રાજકારણીઓની નજર રહેશે. કારણ કે વર્ષ ૨૦૧૪માં પછી લોકસભાની ચૂંટણી યોજાનાર છે. દિલ્હી, રાજસ્થાન અને મધ્યપ્રદેશ અને મિઝોરમમાં નવેમ્બરના ત્રીજા અથવા તો ચોથા સપ્તાહમાં એક તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. જ્યારે છત્તિસગઢમાં વધારાના એક તબક્કાને આવરી લેવાશે. કારણ કે માઓવાદીગ્રસ્ત જિલ્લામાં વધારે સાવચેતી રાખવામાં આવસે. ચૂંટણી પંચે પહેલાથી જ કેન્દ્રિય દળોની તૈનાતીના મામલે કેન્દ્રિય ગૃહ મંત્રાલય સાથે વાતચીત કરી લીધી છે. ખાસ કરીને છત્તિસગઢમાં નકસલવાદીગ્રસ્ત વિસ્તારોમાં જવાનોની તૈનાતીના મામલે ચર્ચા કરવામાં આવી છે. સુરક્ષા પાસાના



મામલે ૧૨મી સપ્ટેમ્બરના દિવસે ગૃહ મંત્રાલયના અધિકારીઓ સાથેની વાતચીત દરમિયાન ચૂંટણી પંચે કહ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયા પર નજર રાખવા માટે ૫૦૦૦૦ અને ૬૦૦૦૦ જવાનોની જરૂર રહેશે. જો કે હાલમાં કેટલીક ગૂંટવણ થયેલી છે. કારણ કે ઉત્તરપ્રદેશના કોમવાદીહિંસા ગ્રસ્ત વિસ્તારોમાં અને આંધ્રમાં તેલંગણાના મામલે ઉભી થયેલી કટોકટીને લઈને બન્ને રાજ્યોમાં મોટી સંખ્યામાં જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. તહેવારની સિઝન પણ નજીક આવી રહી છે. દળોને એકત્રિત કરવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. ચૂંટણીને શાંતિપૂર્ણ અને નિષ્પણ રીતે પાર પાડવાની મોટી જવાબદારી રહેશે. મોટા ભાગના રાજ્યોમાં જ્યા ચૂંટણી યોજાનાર છે ત્યાં રાજ્ય વિધાનસભાની અવધિ ડિસેમ્બરના અંતે અથવા તો જાન્યુઆરીમાં પૂર્ણ થઈ રહી છે. મધ્યપ્રદેશમાં વિધાનસભાની અવધિ પહેલાથી જ પૂર્ણથઈ ચુકી છે. જેથી ચૂંટણી પંચને સરકારની રચના કરવાની પ્રક્રિયા હવે હાથ ધરવી પડશે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે પાંચેય રાજ્યોમાં સીધી સ્પર્ધા રહેશે. ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા બાદ ચૂંટણી ખુબ મહત્વપૂર્ણ બની ગઈ છે. તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. મિઝોરમ સિવાય આ તમામ રાજ્યોમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય સ્પર્ધા થશે. એક બાજુ દિલ્હીમાં કોંગ્રસના શિલા દિક્ષીત છેલ્લા ૧૫ વર્ષથી શાસનમાં છે જ્યારે ભાજપ એક દશકથી મધ્યપ્રદેશમાં શાસનમાં છે. રાજસ્થાનમાં કોંગ્રેસે વર્ષ ૨૦૦૮માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ પર શાનદાર જીત મેળવી હતી. છત્તીસગઢમાં ચૂંટણી બે તબક્કામાં યોજાઈ શકે છે કારણ કે માઓવાદીગ્રસ્ત જિલ્લાઓમાં ચૂંટણી અન્ય તારીખે યોજાશે. દિલ્હી વિધાનસભાની અવધિ ૧૭મી ડિસેમ્બરે પૂર્ણ થઈ રહી છે. જ્યારે મધ્યપ્રદેશમાં વિધાનસભાની અવધિ ૧૨મી ડિસેમ્બરે પૂર્ણ થશે. મિઝોરમમાં વિધાનસભાની અવધિ ૧૬ ડિસેમ્બરમે પૂર્ણ થશે જ્યારે રાજસ્થાનમાં વિધાનસભાની અવધિ ૩૧મી ડિસેમ્બરમે પૂર્ણ થશે. છત્તીસગઢમાં ચોથી જાન્યુઆરીના દિવસે અવધિ પૂરી થશે. મુખ્ય ચૂંટણી કમિશનર વીએસ સંપત ચૂંટણી કમિશનરો એચએસ બ્રહ્મા અને નસિમ જૈદી સાથે મળીને મુખ્ય ચૂંટણી અધિકારીઓ અને ગૃહમંત્રાલયના અધિકારીઓ સાથે તૈયારીના સંબંધમાં વાતચીત કરી ચુક્યા છે.

## ભારત ૧૦૦૦૦ કીમી રેન્જની મિસાઇલ પણ બનાવી શકે છે

નવી દિલ્હી,તા. ૧૭

ભારત ૧૦૦૦૦ કિલોમીટરની રેન્જ ધરાવતી મિસાઈલ બનાવી શકે છે તેવો દાવો વૈજ્ઞાનિકોએ કરીને ભારતીય લોકોને ગર્વ થાય તેવી સ્થિતીમાં મુકી દીધા છે. ચીનની પાસે રહેલી ડીએફ-૩૧એ મિસાઈલનો ઉલ્લેખ કરતા ડીઆરડીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ભારત પણ હાલની તેની મિસાઈલ કરતા ખુબ વધારે રેન્જ ધરાવતી મિસાઈલ તૈયાર કરી શકે છે. જો કે ડીઆરડીઓ દ્વારા આ પ્રકારની મિસાઈલની હાલમાં કોઈ જરૂર હોવાનો ઈન્કાર કર્યો છે. પ્રવર્તમાન કોઈ ખતરો નથી જેથી આ રેન્જની મિસાઈલ તૈયાર કરવાની જરૂર દેખાઈ રહી નથી. ડીઆરડીઓના વડા અવિનાશ ચન્દરે માહિતી આપતા કહ્યું છે કે જો જરૂર પડે તો માત્ર અઢી વર્ષની અંદર જ ૧૦૦૦૦થી વધુ કિલોમીટરની રેન્જ ધરાવતી મિસાઈલ તૈયાક કરી શકાય છે. તેમાં કોઈ મોટી મુશ્કેલી નથી.

તેમણે કહયું હતું કે અગ્નિ-૫ મિસાઈલના બીજી વખત પરિક્ષણ કરવામાં આવ્યા બાદ હવે આત્મવિશ્વાસમાં અનેક ગણો વધારો થયો છે. તેમણેેમ પણ કહ્યું હતું કે અગ્નિ-૫ મિસાઈલના હજુ થોડાક પરિક્ષણ કરવામાં આવનાર છે. તેમણે ઉમેર્યું હતું કે ભારત વધારે રેન્જની મિસાઈલ બનાવી શકે છે પરંતુ હાલમાં આવી કોઈ જરૂર દેખાઈ રહી નથી. અગ્નિ-૫ ચીનના તમામ વિસ્તારને આવરી લેવામાં સક્ષમ છે જેમાં હેબીનનો સમાવેશ થાય છે. યુરોપના કેટલાક ભાગો, આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાના કેટલાક ભાગો પણ હવે તેની રેન્જમાં આવી ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે અગ્નિ-૫ તમામ પ્રકારની નવી ટેકનોલોજી ધરાવે છે. અગ્નિ-૫ મિસાઈલનુ હવે આગામી વર્ષની શરૂઆતમાં ફરી એકવાર પરિક્ષણ કરવામાં આવશે. તેના બે પરિક્ષણ સંપૂર્ણપણે સફળ રહ્યા છે. ભારત પાસે અગ્નિ શ્રેણીની અનેક મિસાઈલ છે. જેમાં અગ્નિ-૧, અગ્નિ-૨, અગ્નિ-૩ અને અગ્નિ-૪નો સમાવેશ થાય છે.

# ઉત્તરપ્રદેશમાં કોમી હિંસામાં ધાર્મિક સ્થળોને ખુબ નુકસાન

નવી દિલ્હી,તા. ૧૭

ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લામાં તાજેતરમાં ભડકી ઉઠેલી કોમી હિંસાના કારણે ગુજરાતમાં વર્ષ ૨૦૦૨માં થયેલી કોમી હિંસાની યાદ તાજી થઈ ગઈ છે. ઉત્તરપ્રદેશ સરકારે હવે સુપ્રિમ કોર્ટમાં કબુલાત કરી છે કે રાજ્યના મુઝફ્ફરનગરમાં થયેલી કોમી હિંસામાં ભારે મુકસાન થયું છે. કોમી હિંસાના કારણે ૪૦૦૦૦ લોકોને હિજરત કરવાની ફરજ પડી છે. ૯૪ ગામોમાં રહેતા લોકોને તકલીફ થઈ છે. કોમી હિંસાના કારણે સત્તાવાર રીતે ૪૪ લોકોના મોત થયા છે. સરકારે એવી કબુલાત કરી છે કે હિન્દુ અને મુસ્લિમ સમુદાયના મોટી સંખ્યામાં ધાર્મિક સ્થળોને પણ ભારે નુકસાન થયું છે. સુપ્રિમ કોર્ટ દ્વારા કરવામાં આવેલા પ્રશ્નના જવાબમાં રાજ્ય સરકારે માહિતી આપતા કહ્યું હતું કે હિંસાના કારણે ૪૧૮૨૯ લોકો વિસ્થાપિત થયા છે. હિંસાના લીધે ૨૬૯૦૯ સહારનપુર ડિવીઝનના કમીશનર પાસેથી તૈયાર કરીને અક અહેવાલ સુપ્રિમ કોર્ટમાં રજૂ કર્યો હતો. કમીશનર ભુવનેશ કુમારે સંકેત



લોકો મુઝફ્ફરનગરમાં અને શામલીમાં ૧૪૯૨૦ લોકો અટવાયા છે. અખિલેશ સિંહ યાદવ સરકારે આપ્યો છો કે યોજનાપૂર્વક હિંસા થઈ હતી. એડવોકેટ રવિ મહેરોત્રા મારફતે દાખલ કરવામાં આવેલી એફિડેવિટમાં ઉત્તરપ્રદેશ સરકારે સાફ શબ્દોમાં કહ્યું ચે કે ધાર્મિક સ્થળોને થયેલા નુકસાનનો અંદાજ હજુ કાઢવામાં આવ્યો નથી. આ તમામ ધાર્મિક સ્થળોના પુનર્નિર્માણની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. રાજ્ય સરકારે આવાસો અને ધાર્મિક સ્થળોને થયેલા નુકસાનનો અંદાજ મેળવવા માટે સહારનપુર અને મેરઠ ડિવીઝનમાં તમામ જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટને આદેશ કર્યો છે. ઉત્તરપ્રદેશ સરકારે માર્યા ગયેલા લોકોના પરિવારના સભ્યોને ૧૦ લાખ રૂપિયા ચુકવ્યા છે. ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોના પરિવારને પણ ૫૦૦૦૦ રૂપિયા ચુકવવામાં આવ્યા છે. કેન્દ્રના અહેવાલમાં જણાવાયું છેસકે મોતનો આંકડો ૪૪ છે અને ઘાયલોની સંખ્યા ૯૭ છે.

## અભિનેતા દિલીપકુમાર માટે ૪૮ કલાક મહત્વપૂર્ણ રહેશે

મુંબઈ,તા. ૧૭

અભિનેતા દિલીપ કુમારને સાયલેન્ટ હાર્ટએટેક થયો હોવાનું જાણવા મળ્યુ છે અને તેમની હાલત ચિંતાજનક છે. જો કે સત્તાવાર રીતે જણાવવામાં આવ્યુ છે કે તેમની તબિયતને લઈને ચિંતા કરવાની જરૂર નથી. તબિબોનું કહેવું છેકે આગામી ૪૮ કલાક દિલીપ કુમાર માટે મહત્વપૂર્ણ રહેશે.

છાતીમાં દુખાવાની ફરિયાદ કર્યા બાદ દિલીપકુમારને રવિવારે રાત્રે લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એવું જાણવા મળ્યુ છે કે આ મહાન અભિનેતા પર સાયલેન્ટ હાર્ટએટેક થયો છે જેનાથી ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. દિલીપકુમાર હાલમાં ઈન્ટેન્સિવ કેર યુનિટમાં છે અને આગામી ૪૮ કલાક નિરિક્ષણ હેઠળ રહેશે. કાર્ડિયોલોજીસ્ટ મુસ્તાક મુલ્લાને તેમના બાંદ્રા આવાસ પરથી રવિવારે ૭.૩૦ વાગ્ય બોલાવવામાં આવ્યા હાત ઈસીજી બાદ એવું જાણવા મળ્યુ છે કે તેમને સાયલન્ટ હાર્ટ એટેકનો હુમલો થયો છે. છાતીમાં દુઃખાવાના લક્ષણો પણ જોવા મળી રહ્યા છે. આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા બાદથી દિલીપકુમારની સ્થિતિમાં સુધાર થઈ રહ્યો છે. તેમને ભોજન પણ આપવામાં આવી રહ્યુ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. દિલીપકુમાર હાલમાં વેન્ટિલેટર હેઠળ નથી. ધીમી રીતે વાત પણ કરવાની સ્થિતિમાં છે. પરંતુ આગામી બે-ત્રણ દિવસ ખૂબજ ચાવીરૂપ રહેશે. લીલાવતી હોસ્પિટલના તબીબોએ કહ્યુ છેકે તેમની તબિયતને લઈને ચિંતાની જરૂર નથી. માત્ર નિરીક્ષણના હેતુસર આઈસીયુમાં રાખવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના લઘુમતી વિકાસ બાબતોના પ્રધાન નસિમખાન ગઈકાલે સવારે હોસ્પિટલમાં પહોંચ્યા હતા અને તેમના પત્નીને મળ્યા હતા. દિલીપ કુમાર મોગલે આજમ, મધુમતિ, દેવદાસ, ગંગાજમના જેવી ફિલ્મોમાં યાદગાર ભૂમિકા માટે જાણિતા રહ્યા છે.

# ઉત્તરાખંડ પૂર હોનારતમાં લાપતાનો આંકડો ૪૧૨૦

દહેરાદૂન,તા. ૧૭

ઉત્તરાખંડના તાજેતરની કુદરતી હોનારતમાં હજુ પણ ૪૧૨૦ લોકો લાપતા બનેલા છે. ઉત્તરાખંડની સરકારે રૂદ્રપ્રયાગ, ચમોલી અને ઉત્તરકાશી જિલ્લામાંથી લાપતા થયેલા લોકોની અંતિમ સુધારવામાં આવેલી યાદી જારી કરી છે. જૂનના મધ્યમાં કુદરતી હોનારતના ભાગરૂપે વિનાશકારી પૂર અને ભેખડો ધસી પડવાના કારણે ઉત્તરાખંડમાં ભારે નુકસાન થયુ હતુ. મુખ્ય સચિવ સુભાષકુમાર દ્વારા રાજયના ૧૩ જિલ્લાઓ અને



દહેરાદૂન સ્થિત ઉત્તરાખંડ મિસિંગ પર્સન સેલ ખાતે નોંધવામાં આવેલી એફઆઈઆરના આધાર પર લાપતા લોકોનો આંકડો આપ્યો હતો. આ લાપતા લોકોનો આંકડો હવે ૪૧૨૦ ગણાવવામાં આવ્યો છે. સૌથી વધારે લાપતા લોકોની સંખ્યા રૂદ્રપ્રયાગ જિલ્લામાં છે. એકલા રૂદ્ર પ્રયાગ જિલ્લામાંથી સૌથી વધુ ૬૫૨ લોકો લાપતા છે. ઉત્તરાખંડમાંથી લાપતા લોકોની સંખ્યા ૮૫૨ જેટલી છે જ્યારે અન્ય રાજ્યોમાંથી પણ લાપતા લોકોનો આંકડો ખૂબ મોટો છે. ઉત્તરપ્રદેશમાંથી ૧૧૫૦, રાજસ્થાનમાંથી ૫૧૧ લોકો લાપતા છે. ગુજરાતમાંથી ૧૨૯ લોકો લાપતા બનેલા છે. કુમારે કહ્યુ હતુ કે ૪૨૧ બાળકો પણ લાપતા બનેલા છે. જેમાં ઉત્તરાખંડમાંથી ૧૬૮ બાળકોનો સમાવેશ થાય છે. કુદરતી હોનારતમાં લાપતા થયેલા લોકોનો આંકડો જારી કરવામાં આવ્યો છે. આ કુદરતી હોનારતની સૌથી માઠી અસર રૂદ્રપ્રયાગ, ચમૌલી અને ઉત્તરકાશી જિલ્લામાં જોવા મળી હતી. દરેક રાજયમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ચાર ધામની યાત્રા પર ગયા હતા. રૂદ્રપ્રયાગ જિલ્લામાંથી ૧૪૬ બાળકો લાપતા થયા છે જ્યારે ઉત્તરપ્રદેશમાંથી લાપતા બાળકોની સંખ્યા ૯૬ દર્શાવવામાં આવી છે. રાજસ્થાનમાંથી ૩૪ અને દિલ્હીમાંથી ૩૨ બાળકો લાપતા દર્શાવવામાં આવ્યા છે. પરિવારના સભ્યો અને સગા સંબંધિઓ દ્વારા દાખલ કરવામાંઆવેલી ફરિયાદના આધાર પર આ આંકડો જારી કરાયો છે. ઉત્તરાખંડ હ્યુમન રાઈટ્સ કમિશન સમક્ષ ડીઆઈજી સંજય ગુંજિયાલના નિવેદનના સંદર્ભમાં જોવામાં આવે તો આંકડો ખૂબ વધારે છે. તેઓએ લાપતા લોકોનો આંકડો ૬૮૧૨૩ આંક્યો હતો. મિસિંગ પર્સન સેલના ઈન્ચાર્જ અજય પ્રદયોગનું કહેવું છેકે સરકારે અગાઉ ૫૧૦૦ની યાદી આપી હતી.

## અમેરિકામાં નેવી યાર્ડમાં ગોળીબારમાં મૃતાંક ૧૩


વૉશિંગ્ટન,તા. ૧૭

અમેરિકાના વૉશિંગ્ટન નેવી યાર્ડમાં ગઈકાલે કરવામાં આવેલા ભીષણ ગોળીબારમાં મોતનો આંકડો વધીને આજે સવારે ૧૩ પર પહોંચી ગયો હતો. ગોળીબારની આ ઘટનામાં અનેક લોકો ઘાયલ પણ થયા છે. વોશિંગ્ટનના મેયર ગ્રે દ્વારા મોતના આંકડાને સમર્થન આપવામાં આવ્યું છે. પોલીસે જવાબી કાર્યવાહી કરીને બે શુટરોને મોતને ઘાટ ઉતારી દીધા છે. પેન્ટાગોનના પ્રવકતા જોર્જ લિટિલે કહ્યું હતું કે ગોળીબારમાં અનેક લોકોના મોત થયા છે. ગોળીબાર નેવલ સિસ્ટમ કમાન્ડની મુખ્ય ઓફિસમાં કરવામાં આવ્યો હતો.જ્યાં ત્રણ હજાર લોકો કામ કરે છે.બનાવ બાદ અમેરિકામાં સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી હતી. ગોળીબાર બાદ આસપાસના લોકો પણ એકત્રિત થઈ ગયા હતા. સંરક્ષણ પ્રધાન પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બનાવને લઈને ભારે ખળભળાટ મચી ગયો હતો. ઈમરજન્સી અધિકારીઓ પણ પહોંચ્યા હતા. બિનસત્તાવાર અહેવાલમાં જણાવાયુ હતુ કે ગોળીબારમાં ત્રણ લોકો સામેલ હતા. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાને પણ આ અંગે જાણ કરાઈ હતી. ઓબામાએ તેમની તાકીદની પ્રતિક્રિયામાં કહ્યું હતું કે વોશિંગ્ટનમાં માસ શુટિંગના બનાવમાં અનેક લોકો માર્યા ગયા છે. તેમણે કહ્યું હતું કે અમેરિકાના સંરક્ષણ પ્રધાન ચક હેગલ અને યુએસ મિલિટ્રીના ટોચના અધિકારીઓ પરિસ્થિતી પર નજર રાખી રહ્યા છે. અમેરિકાના જાણિતા અખબાર વૉશિંગ્ટન પોસ્ટે માહિતી આપતા કહ્યુ છેકે નેવી યાર્ડમાં બે લોકોએ ગોળીબારની ઘટનાને અંજામ આપ્યો હતો. નેવીએ માહિતી આપતા કહ્યુ છે કે સ્થાનિક સમય મુજબ ૮.૨૦ વાગ્યે આ ગોળીબાર કરાયો હતો. એક સંરક્ષણ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છેકે આ ગોળીબારમાં અનેક લોકો ઘાયલ થયા છે. વૉશિંગ્ટન પોલીસ અને ફેડરલ સંસ્થાના અધિકારીઓ તરતજ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અધિકારીઓના કહેવા મુજબ નેવલ સી સિસ્ટમ કમાન્ડ હેડક્વાર્ટર ઈમારતમાં આ ગોળીબાર કરાયો હતો. ગોળીબાર બાદ સમગ્ર પાટનગરમાં સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી દેવામાં આવી હતી.બનાવ બાદ આસપાસની સ્કુલોને બંધ કરાવી દેવામાં આવી હતી.

## દિલ્હી સહિત ઉત્તર ભારતના ઘણા શહેરમાં ડુંગળીના ભાવ આસમાને

નવી દિલ્હી,તા. ૧૭

ડુંગળી અને શાકભાજીની કિંમત આસમાને પહોંચી ગઈ છે. હજુ ૧૫મી ઓક્ટોબર સુધી ડુંગળી અને શાકભાજીની કિંમતમાં ઘટાડો થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. હોલસેલ ડિલરો દ્વારા આમુજબની વાત કરવામાં આવી છે. ડુંગળીની કિંમતોએ ફરી લોકોને મુશ્કેલીમાં મુકી દીધા છે. દિલ્હી સહિત ઉત્તર ભારતમાં રિટેલ બજારમાં ડુંગળીની કિંમત પેટ્રોલ કરતા પણ વધારે થઈ ગઈ હતી. હાલમાં રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ડુંગળીની કિંમત કિલોદીઠ ૮૦ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. માત્ર દિલ્હીમાં જ નહીં બલકે અન્ય રાજ્યોમાં પણ ડુંગળીના ભાવ



કિલોદીઠ ૬૦થી ૮૦ વચ્ચે પહોંચી ગયા છે. દિલ્હીની સાથે સાથે ગુજરાતના વડોદરામાં પણ ડુંગળીના ભાવ ૮૦ રૂપિયા સુધી પહોંચી ગયા છે. જ્યારે અમદાવાદમાં ડુંગળીના ભાવ કિલોદીઠ ૬૦ની આસપાસ છે. જો તાત્કાલિક કોઈ પગલા લેવામાં આવશે નહીં તો ડુંગળીની કિંમત ૧૦૦ પ્રતિકિલો સુધી પહોંચી શકે છે. ડુંગળીની કિંમતમાં ઉછાળાને લઈને દિલ્હી સરકાર સક્રિય થઈ ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ મહિનામાં ફુડ ઈન્ફ્લેશન રેટ આશરે ૫૦ ટકા વધીને ૧૮.૧૮ ટકા થઈ ગયો છે. જુલાઈ મહિનામાં આ દર ૧૧.૯૧ ટકા હતો. ડુંગળીની કિંમતમાં તીવ્ર વધારો થવા માટે ઘણા બધા કારણો જવાબદાર દેખાઈ રહ્યા છે. એવી શંકા દેખાઈ રહી છે કે આવનાર દિવસોમાં ડુંગળીની કિંમતમાં વધુ વધારો થશે. ડુંગળીની આ રમતે દિલ્હી સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે. વિધાનસભા ચૂંટણી નજીક છે ત્યારે સરકાર ભયભીત દેખાઈ રહી છે.

સરકાર બીજી વખત સસ્તી કિંમતમાં ડુંગળી વેચવા વિચારી રહી છે. માત્ર દિલ્હીમાં જ નહીં દેશના અનેક ભાગોમાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ છે. વર્ષ ૧૯૯૮માં ભાજપ સરકારે પોતાના તત્કાલિન મુખ્યપ્રધાન સાહિબ સિંહ વર્માને દૂર કરીને સુષ્મા સ્વરાજને દિલ્હીની જવાબદારી સોંપી હતી પરંતુ તે જ વર્ષે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના સૂપડા સાફ થયી ગયા હતા. દક્ષિણ ભારતમાં વરસાદના પરિણામ સ્વરૂપે ડુંગળીનો પુરવઠો ઓછો દેખાઈ રહ્યો છે. ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ડુંગળી પહેલા નાસિકથી પહોંચતી હતી પરંતુ અહીં વરસાદના પરિણામે ડુંગળીના પાકને નુકસાન થયુ છે જેથી દક્ષિણ ભારતના હુગલીમાંથી ડુંગળીનો જથ્થો પહોંચી રહ્યો છે. ડુંગળીની સંગ્રહખોરી થઈ રહી છે. પેટ્રોલ-ડિઝલની કિંમતો પણ વધી ગઈ છે જેથી પરિવહન ખર્ચ વધી ગયો છે. નાસિક મંડીમાં ડુંગળી ૫૭૦૦ રૂપિયા ક્વિન્ટલ ઉપલબ્ધ છે. નવો પાક ૧૫ ઓક્ટોબર બાદ આવશે જેથી કિંમત ઘટે તેવી શક્યતા દેખાઈ રહી નથી.

### એર એશિયા દ્વારા સસ્તા ભાડાની જાહેરાત કરાઈ

ચેન્નઈ,તા. ૧૭

એર એશિયાએ પ્રમોશનલ ભાડાની આજે જાહેરાત કરી હતી. ચેન્નઈ અને બેંગ્લોરથી ક્વાલાલંપુર માટે પાંચથી છ હજાર રૂપિયાની ટિકિટની જાહેરાત કરવામાં આવી હતી. આ ભાડા સાતમી જાન્યુઆરી-પાંચમી ઓગસ્ટ ૨૦૧૪ વચ્ચેના પ્રવાસ માટે લાગુ રહેશે. ટેક્સ સહિત ભાડા ચેન્નઈથી ક્વાલાલંપુર માટે પાંચ હજાર રૂપિયા રહેશે. જ્યારે ચેન્નઈથી બેકોક માટે ૩૮૨૦ રૂપિયા રહેશે. કોચીથી ૪૦૦૦ રૂપિયાનુંભાડુ રહેશે. તિરુચિરાપલ્લીથી ૪૦૦૦ રૂપિયા ભાડુ રહેશે. બેંગ્લોરથી ક્વાલાલંપુરનું ભાડુ ૬૦૦૦ રૂપિયા રહેશે. કોલકાતાથી ક્વાલાલંપુરનુંભાડુ ૫૦૦૦ રૂપિયા અને કોલકાતાથી બેકોકનું ભાડુ ભાડુ ૩૩૨૦ રૂપિયા રહેશે. ખાસ સ્કીમ હેઠળ આ ઓછા ભાડાની જાહેરાત કરવામાં આવી છે.

## ભારે ઉથલપાથલ વચ્ચે વધુ ૬૨ પોઈન્ટનો સુધારો થયો

મુંબઈ,તા. ૧૭

શેરબજારમાં આજે પણ ફ્લેટ સ્થિતિ રહી હતી. ઉથલપાથલ વચ્ચે કારોબારના અંતે મૂડીરોકાણકારો ઉદાસિન દેખાયા હતા. સેન્સેકસ ૬૨ પોઈન્ટ સુધરીને ૧૯૮૦૪ની અને નિફ્ટી ૧૦ પોઈન્ટ સુધરીને ૫૮૫૦ની સપાટીએ રહ્યો હતો. સેન્સેકસ અને નિફ્ટીમાં ઈન્ટ્રાડે દરમિયાન ભારે ઉથલપાથલ જોવા મળી હતી. રોકાણકારો સાવધાન બની ગયા છે. બીજી બાજુ યુએસ ફેડરલ રિઝર્વ ઓપન માર્કેટ કમિટિની બેઠક આજે શરૂ થઈ હતી જે આવતીકાલે પણ જારી રહેશે. આ બેઠકને લઈને પણ કારોબારીઓ ધ્યાન કેન્દ્રિત કરી ચુક્યા છે. મોટા ભાગના એશિયન બજારો આજે મંદી સાથે બંધ રહ્યા હતા. ડોલર મજબુત રહ્યો હતો. બીએસઈ આઈટી ઈન્ડેક્ષમાં સૌથી વધુ નફો જોવા મળ્યો હતો. તેમાં બે ટકાનો ઉછાળો રહ્યો હતો. મેટલ, ઓટો, એફએમસીજી ઈન્ડેક્સમાં પણ સુધારો રહ્યો હતો. જો કે રિયાલિટી, પાવર, બેકેક્સ, કન્ઝ્યુમર ડ્યુબલના શેર એક ટકા ઘટીને બંધ રહ્યા હતા. સેન્સેકસમાં ઘણા શેર તેજીમાં રહ્યા હતા જેમાં સોફ્ટવેરના શેરનો સમાવેશ થાય છે. ઈન્ફોસિસ ટીસીએસ અને વિપ્રોમાં ૧-૫ ટકાવચ્ચેનો સુધારો નોંધાયો હતો. એફએમસીજી ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો આઈટીસી અને હિન્દુસ્તાન યુનિલિવરમાં ૧.૨ ટકાનો સુધારો રહ્યો હતો. શુક્રવારના દિવસે આરબીઆઈની બેઠક પહેલા ફાઈનાન્સિયલ શેરોમાં મંદી રહી હતી. એ ચ ડી એ ફ સ ી, આઈસીઆઈસીઆઈ બેંક, એસબીઆઈ, એચડીએફસી બેંકમાં ૦.૦૫ ટકા- ૧.૨ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. ઓઈલ એન્ડ ગેસના ક્ષેત્રમાં વાત કરવામાં આવે તો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ઓએનજીસીમાં ૦.૪-૨.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. રિલાયન્સ બ્રોડકાસ્ટમાં પાંચ ટકાનો સુધાર રહ્યો હતો. જો કે માર્કેટ બ્રિડથ આજે મંદી સાથે રહી હતી. કારોબાર દરમિયાન ૧૨૩૩ શેરમાં ઘટાડો રહ્યો હતો. જ્યારે ૧૧૧૯ શેર તેજીમાં રહ્યા હતા.

### કેદારનાથમાંથી ૩.૩૬ કરોડ રોકડ રકમ મળી

વિશ્વના જાણીતા અને સૌથી મહત્વપૂર્ણ ધાર્મિક સ્થળ કેદારનાથ ખાતે કુદરતી હોનારત દરમિયાન જંગી રોકડ રકમ પણમળી આવી હતી. મળી આવેલી રોકડ રકમનો આંકડો ૩.૩૬ કરોડ દર્શાવવામાં આવ્યો છે. જૂનના મધ્યમાં કુદરતી હોનારત ત્રાટકયા બાદથી કેદારનાથમાં કાટમાળ હેઠળથી મળી આવેલી જંગી રોકડ રકમ એસબીઆઈ બ્રાન્ચના કેશ બોક્સમાં રાખવામાં આવી છે. આ રકમ ૩.૩૬ કરોડની છે. આઈજી (કાયદો અને વ્યવસ્થા) આરએસ મીણાએ કહ્યુ છેકે બહારથી ૧.૪૬ કરોડની રકમ મળી છે. પૂરબાદ આ રકમ મળી આવી હતી. આ રકમ કેશબોક્સમાં મૂકી દેવામાં આવી છે. અન્ય સંપત્તિના સંબંધમાં વધારે માહિતી આપવામાં આવી નથી.

## સલમાન સાથે કામ કરવા દિપીકા ખૂબ જ ઉત્સુક છે

મુંબઈ,તા. ૧૭

બોલિવુડની સુપરસ્ટાર અભિનેત્રી દિપીકા અભિનેતા સલમાન ખાન સાથે કામ કરવા માટે ખૂબજ ઉત્સુક છે. દિપીકાનું કહેવું છે કે સુપર સ્ટાર સલમાન ખાને સાથે કામ કરવાનું તેનું સ્વપ્ન રહેલું છે. સ્ક્રીન પર તેમને સાથે લાવવા કોઈ પ્રયાસ કરે તેવી તેની ઈચ્છા છે. સલમાન તરફથી સૌથી પહેલા દિપીકાને ઓફર કરવામાં આવી હતી પરંતુ તે વખતે બાબત શક્ય બની ન હતી. ત્યારપછી ઓમ શાંતિ ઓમ ફિલ્મ માટે ફરહાખાન દ્વારા દિપીકાની પસંદગી કરવામાં આવી હતી. દિપીકાએ આ ફિલ્મ સાથે જ પોતાની બોલિવુડ કેરિયર શરૂ કરી હતી. ત્યાર પછી સલમાન ખાને સાથે કામ કરવાની દિપીકાને કોઈ પણ તક હાથ લાગી ન હતી. દિપીકાએ ગઈકાલે એક કાર્યક્રમમાં કહ્યુ હતુ કે સલમાનખાને તેને ફિલ્મની ઓફર કરી હતી તેને લઈને તે ખૂબજ આભારી છે.

અભિનેત્રી દક્ષિણના સુપરસ્ટાર રજનીકાંત સાથે પણ પ્રથમ વખત કામ કરવા જઈ રહી છે. દિપીકાનું કહેવું છે કે તે ત્રણ દિવસ સુધી રજનકાંત સાથે કામ કરી ચુકી છે. તેમની પાસેથી ગણી બધી ચીજો શિખવા મળી છે. દિપીકાની હાલમાં રજુ થયેલી તમામ ફિલ્મો બોક્સ ઓફીસ પર સુપરહિટ સાબિત થઈ છે જેમાં ચેન્નઈ એકસપ્રેસ, યે જવાની યે દિવાની, રેસ-૨નો સમાવેશ થાય છે. દિપીકાનું એમ પણ કહેવું છે કે સારા અભિનેતાઓ અને નિર્દેશકો સાથે ખાસ ભૂમિકા ભજવવા માટે પણ તે તૈયાર છે. સંજય લીલા ભણશાલીની રોમેન્ટિગ ડ્રામા ફિલ્મ રામલીલામાં પણ તે કામ કરી રહી છે જે ટૂંકમાં જ રજુ થશે. આ ફિલ્મમાં તે રણવીરસિંહ સાથે નજરે પડશે. સંજય લીલા અગાઉ હમ દિલ દે ચુકે હૈ સનમ જેવી ફિલ્મ બનાવી ચુક્યા છે. દિપીકાના હાલ રણવીરસિંહ સાથે સંબંધોની પણ ભારે ચર્ચા છે. બોલિવુડમાં સૌથી વધુ માંગ ધરાવતી અભિનેત્રીઓમાં તે સ્થાન મેળવી ચુકી છે.